BAOU Education for All
Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
BAOU CATEGORY 1 UNIVERSITY GRADED AUTONOMY UGC

### જાણીતી યુનિવર્સિટીના 22,770 સ્ટુડન્ટ્સને વિવિધ વિદ્યાશાખામાં પદવી એનાયત

# સમાજમાં પ્રવર્તતા જ્ઞાતિવાદના ભેદભાવ આપણાં માટે એક ગંભીર દૂષણ સમાન છેઃ આચાર્ય દેવવ્રત



**CONVOCATION**

**અમદાવાદ :** ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ યોજાયો. યુનિવર્સિટીના આ 11મા પદવીદાન સમારોહમાં અધ્યક્ષ પદે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે હાજરી આપી હતી અને સારસ્વત અથિતિ તરીકે હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ બેલા ત્રિવેદી ઉપસ્થિત રહ્યાં હતા.

પદવીદાન સમારોહમાં કુલ 22,770 વિદ્યાર્થીઓને વિવિધ વિદ્યાશાખાની પદવી એનાયત કરાઈ. જેમાં ઉત્કૃષ્ટ શૈક્ષણિક દેખાવ કરનાર સ્ટુડન્ટ્સને 37 ગોલ્ડ મેડલ, 40 સિલ્વર, 41 પ્રશસ્તિપત્રો મળી કુલ 118 પુરસ્કાર એનાયત કરાયાં હતા.

આ વર્ષે Ph.D. સહિત 12,008 સ્નાતક (UG), 5636 અનુસ્નાતક (PG), 30 પીજી ડિપ્લોમા, 1041 ડિપ્લોમા અને 4054 સર્ટિફિકેટ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને ડિગ્રી અપાઈ હતી. આ ઉપરાંત દિવ્યાંગ વિદ્યાર્થી માણેક દીપક ચંદ્રકાંતભાઈને 'વિભા ભારતી ઉમાકાંત ઉપાધ્યાય સુવર્ણચંદ્રક' એનાયત કરી સન્માનિત કરાયાં. તેમજ વિશેષ વિદ્યાર્થિની અંજલિ પરમારને બી.કોમ.ની પદવી અર્પણ કરાઈ.

વર્ષ દરમિયાનની ઉત્કૃષ્ટ કામગીરીના ભાગરૂપે સર્વશ્રેષ્ઠ પ્રાદેશિક કેન્દ્ર તરીકે 'રિજનલ સેન્ટર-પાટણ'ને સન્માનિત કરાયું. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યપાલના હસ્તે BAOUના પક્ષ પોડકાસ્ટનું લોકાર્પણ કરાયું. સાથે યુનિવર્સિટીના નવા અભ્યાસક્રમો 'સર્ટિફિકેટ કોર્સ ઈન મેન્યુસ્ક્રિપ્ટોલોજી એન્ડ ઈન્ડિયન એન્શિયન્ટ સ્ક્રિપ્ટ્સ', 'સર્ટિફિકેટ કોર્સિસ ઈન ધરમપાલ્સ ધ બ્યુટિફુલ ટ્રી'નું ઉદ્ઘાટન કરાયું.

સીટી ભાસ્કર | પેજ નંબર: 02 | તારીખ : 08 /05/2026